dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

October 2010 | For private circulation only | Vol. 02 - Issue 44

નૂતન વર્ષના શુભારંભે...
હે પરમાત્મા !
મને તારી શાંતિનું વાહન બનાવ,
જયાં ધિકકાર છે ત્યાં હું પ્રેમ,
જયાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા,
જયાં શંકા છે ત્યાં શ્રદ્ધા,
જયાં હતાશા છે ત્યાં આશા,
જયાં અંધકાર છે ત્યાં પ્રકાશ,
જયાં શોક છે ત્યાં આનંદ પ્રકટ કરું.

સંત ફ્રાન્સિસ

卐 **નૂતન વર્ષાભિનંદન** 卐

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વિક્રમનું વર્ષ ૨૦૬૬ વિદાય થયું. નૂતન વર્ષ ૨૦૬૭ને આવકારતાં 'દક્ષિણાયન'ના તમામ સુજ્ઞ વાચકોને મંગલકામના. વીતેલા વર્ષના અનુભવોનું ભાથુ લઈ, નવી પેઢીના ઘડતર માટે ઉચ્ચશિક્ષણને વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ. સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં, વૈશ્વિક પડકારોને, તકોમાં તબદીલ કરવા ઉચ્ચશિક્ષણને વધુ સમાજોભિમુખ બનાવવાની દિશામાં ઉદ્દીપકની ભૂમિકા ભજવીએ. પ્રજા ઘડતરનો વિધાયક, મહાવરાહ, ફનાગીરી પથનો ઉપાસક, યુગદ્રસ્ટા, સમયમૂર્તિ, પ્રાણવંતો પૂર્વજ વીર નર્મદના નામ સાથે જોડાયેલી યુનિવર્સિટીની કીર્તિની સુવાસ મઘમઘે તથા આપણા સૌ થકી થતા રહે એવી પરમકૃપાળુ પરમાત્માને દીપાવલી તથા નવ વર્ષના શુભારંભે પ્રાર્થના.

હે...

પ્રભુ !

ઘૂઘવતા સાગરે અમને, ખડક જેવું મૌન દે,
આપીને ભુલી જવાય એવું, ધર્માદા ધન દે.
આંગણેથી કોઈ ભૂખ્યો ન જાય એવું ભાવનીતરું અન્ન દે,
સુગંધ થઈ ફેલાઈ જઈએ એવું ઝળઝળ જીવન દે.
અન્યના આંસૂ લૂછીને અભિમાન ન થાય એવું મન દે.
જીવતરમાં પૂણ્યની ઝોળી ભરીએ એવું તપ-તપન દે,
સૃષ્ટિના સકળ જીવોમાં તારાં દર્શન થાય એ વચન દે.
બસ આટલું માગુ પ્રભુ નવલા વરસની બોણીમાં.

નૂતન વર્ષના વધામણા કરવા તથા મંગલભાવના વ્યકત કરવા સ્નેહીઓ, સ્વજનો સૌને દીપાવલીની શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદનના સંદેશાઓ પાઠવતા ગ્રિટીન્ગસ કાર્ડ આપણે સૌ મોકલીએ છીએ. આવું એક અનોખું નૂતન વર્ષાભિનંદનની શૂભેચ્છા પાઠવતું કાર્ડ હરી કૃષ્ણ એક્ષ્પોર્ટના શ્રી સવજીભાઈ ધોળકિયા પરિવાર તરફથી મળ્યું. કાર્ડ માત્ર બે પેજનું શુભેચ્છા વાળું નહોતું. પરંતુ કાર્ડને બદલે શ્રી શશિકાંત શાહ લિખીત 'સફળતાની કેડીએ'ની નાનકડી પસ્તિકા હતી. ઉપર દર્શાવેલ ભાવવાહી પ્રાર્થનાના શબ્દો એ પુસ્તિકાની હરિકૃષ્ણ ગ્રુપની શુભેચ્છામાંથી ઉતારો કરી લીધા છે. મને લાગ્યું કે નૂતન વર્ષે 'સફળતાની કેડીએ'માં જેક ફેનફીલ્ડનું બેસ્ટ સેલર પુસ્તક - "How to get from where you are - to - where you want to be"માં શ્રી શશિકાંત ભાઈએ સુંદર રીતે વણેલા પંદર સિધ્ધાંતો રજૂ કરેલા છે તેને પુનઃ ટૂંકમાં રજૂ કરું. વ્યકિતત્વ વિકાસના આ લેખો 'ગુજરાતમિત્ર'ની 'માણસ નામે ક્ષિતિજ' કોલમમાં પ્રસિધ્ધ થયેલા છે. હવે પુસ્તિકાના સ્વરૂપમાં પણ તે ઉપલબ્ધ છે. આમ છતાં 'વાંચે ગુજરાત'ના 'સ્વર્ણિમ ગુજરાત'ના નૂતન વર્ષે શ્રી શશિકાંત ભાઈની રજા વગર સાર રજૂ કરવાની લાલસા રોકી શકતો નથી.

તમે હમણાં જયાં છો, ત્યાંથી, તમે જયાં પહોંચવા ઈચ્છો છો, ત્યાં કઈ રીતે પહોંચશો ? તે માટે પહેલી પાયાની વાત છે, **"તમારા જીવનની સો ટકા જવાબદારી તમે સ્વીકારો"**. તમે સંજોગોને, ઋતુ કે પવનને બદલી શકતા નથી પરંતુ તમારી જાતને તો જરૂર બદલી શકો છો. તમે જે જિંદગી જીવો છો તેની ગુણવત્તા નકકી કરનાર વ્યકિત માત્ર એક જ છે અને તે છે તમે પોતે. તમારી સફળતા કે નિષ્ફળતાઓની સો ટકા જવાબદારી તમારે સ્વીકારવી પડશે. બીજાને દોષ આપવાનો શો અર્થ ? નિષ્ફળતાના કારણોની તપાસ બહાર ન શોધતાં, સો ટકા જવાબદારી સ્વીકારી અંતરમાં ડોકિયું કરવાથી ઉપાયો અચૂક હાથ લાગશે. નૂતન વર્ષે આપણી

સફળતા માટે, આપણી જાતને જવાબદાર બનાવવાની માનસિકતા સાથે પુરુષાર્થની કેડીએ પગલાં પાડીએ.

જેક કેનફીલ્ડ સફળતાના **બીજા સિધ્ધાંત**માં જણાવે છે કે સફળતા મેળવવા માટે હંમેશા "**સફળ માણસોથી ઘેરાયેલા રહો.**" જેઓ સફળતા મેળવવા ઈચ્છે છે એમણે સમય અને શકિત હણી લેતા મનોવિકૃત રકતચૂસકોથી દૂર રહેવાનું છે. **ત્રીજી બાબત** તેઓ જણાવે છે - "**વર્ષમાં ચાર નવી સફળ આદતો વિકસાવો.**" આદતો બદલવા પ્રથમ તો તમારી બૂરી આદતોની યાદી બનાવો, જેમ કે બધાં જ કામ વિલંબથી કરવા, વાતે વાતે દલીલ કરવી, નાની નાની વાતમાં ઉગ્ર ઝઘડો કરવો, હું જ સાચો છું ના ભ્રમમાં જીવવું, પ્રત્યેક ઠેકાણે મોડા પહોંચવું, સૌ સાંભળે તેમ નકારાત્મક કોમેન્ટસ કરવી, રોજ ફાસ્ટફૂડ ખાઈને પેટ ભરવું, વિગેરે. બૂરી આદતો નાબુદ કરવા શું કરવું તેનું ચિંતન કરી, દર ત્રણ માસે એક સફળ આદત સ્થિરતા પામે તે રીતની પ્રેકિટસ કરવી. **ચોથી બાબત છે, 'તમારી વિશિષ્ટ પ્રતિભા પર ધ્યાન કેન્દ્રિત કરો'** જે કામ ખૂબ ગમતું હોય તેમાં શ્રેષ્ઠતા ઝડપથી પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠ કામ સફળતા તરફની ગતિને ઝડપ બક્ષે છે. **પાંચમી બાબત** છે - "**તમે શું ઈચ્છો છો તે નક્કી કરી લો.**" તમે જે પ્રાપ્ત કરવા માગો છો તેનાથી ઓછું મેળવીને સમાધાનકારી વલણ અપનાવશો નહીં. જયાં સુધી તમે શું મેળવવા ઈચ્છો છો તે સ્પષ્ટ રીતે નકકી ન થાય ત્યાં સુધી સફળતા તરફની દોડ શરૂ થઈ શકતી નથી તે હંમેશા યાદ રહે.

મિત્રો, "**તમે જે મેળવવા ઈચ્છો છો તે મેળવવાનું શકય છે એવી દ્રઢ માન્યતા સાથે કામ શરૂ કરો**" તે **છઠ્ઠી સિધ્ધાન્ત** છે. આપણું મન એક એવું શકિતશાળી સાધન છે જે તમને ઈચ્છિત વસ્તુ ચોકકસ મેળવી આપે છે. શરત માત્ર એટલી છે કે "એ શકય છે" એવી દ્રઢ માન્યતા તમે ધારણ કરો અને તદનુસાર વર્તવાનું શરૂ કરો. આપણું મન જે વિચારે છે, માને છે, તે સિધ્ધ પણ કરી શકે છે. **સાતમી બાબત છે, જો તમે તમારી જિંદગીના સ્વપ્નોને સાકાર કરવા ઈચ્છતા હો તો, તમારે એ સ્વીકારવું જોઈએ કે તમે સપનાં સિધ્ધ કરવા સમર્થ છો.** તમારામાં ટેલન્ટ છે, કૌશલો છે, શકિત છે, તમે સફળ થઈ શકો એમ છો એવું માનવું એટલે આત્મવિશ્વાસ. બીજાઓ તમારા વિચારો અંગે, લક્ષ્યો અંગે, શું વિચારતા હશે એવી ચિંતામાં સમય અને શકિત બરબાદ કરવાને બદલે લક્ષ્ય પ્રાપ્ત કરવાની, સફળતા મેળવવાની દિશામાં સમગ્ર ધ્યાન અને શકિત કેન્દ્રિત કરો.

જેક કેનફીલ્ડ, **આઠમા સિધ્ધાંત**માં જણાવે છે, સફળતા સંકેતો છોડતી જાય છે, એ સંકેતો પકડીને આગળ વધીએ તો સફળતાનો ભેટો થઈ જાય. તેઓ સફળતાના સંકેતો ઝીલવાના ત્રણ તરીકાઓ સૂચવે છે - તમામ લક્ષ્યને પામવામાં મદદરૂપ થાય તેવા સ્ત્રોતો શોધી કાઢો, તમે જે ક્ષેત્રમાં સફળતા મેળવવા માગો છો તે ક્ષેત્રના સફળ માણસોને શોધી તેમના અનુભવનું ભાથુ સાથે લઈ એકશન પ્લાન બનાવો. સફળ બનનાર વ્યકિતના જીવનનો અભ્યાસ કરી તે મુજબની જીવનશૈલી અપનાવો. **નવમી** બહુ જ મહત્વની વાત તેઓ જણાવે છે કે સફળ થવા માટે "**બ્રેક છોડો તો આગળ વધાશે.**" કેટલાક માણસો પોતાની જિંદગીમાં નકારાત્મક ઈમેજ, પૂર્વાનુભવની ગ્રંથિઓ, પોતાની શકિત અંગેની ગલત ધારણાઓ અને પોતે રચેલું સલામતીનું ક્ષેત્ર - કમ્ફર્ટ ઝોન - જેવી મનોવૈજ્ઞાનિક બ્રેકો પોતાની આસપાસ રચીને બેઠા હોય છે, પછી સફળતાની ગાડી કયાંથી ચાલે ? આપણી ખોટી વિચારધારાઓથી જિંદગીને આપણે અનેક મર્યાદાઓમાં બાંધી બેઠા હોઈએ છીએ. **દસમો સિધ્ધાંત** - "**લક્ષ્ય સુધીની મુસાફરીને નાનાં સોપાનોમાં વહેંચી નાખો**" તે છે જેમાં આરંભબિંદુથી માંડી, અંતિમ ધ્યેય સુધી પહોચવાની પ્રક્રિયાને રોજ રોજના કરવાનાં કામો, કામની અગત્યતા, આયોજન થકી લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સરળતા બનશે.

જેક કેનફીલ્ડ લખે છે, "કોરી વિદ્વતા, પંડિતાઈ, જ્ઞાન કે કૌશલ્ય માણસને સફળતા સુધી પહોંચાડી ન શકે. Take Action, કામ હાથમાં લઈને ચાલવાનું શરૂ કરો, ગતિમાં આવો, મુકામે પહોંચવા સતત ચાલવું પડશે અને દોડવું પડશે." ગમે તેટલું સારું આયોજન હોય, વિશ્લેષણ હોય, અધ્યયન હોય પરંતુ જો તે અમલમાં ન મૂકાય તો તે બધું જ નિરર્થક છે. આ **અગીયારમો સિધ્ધાંત** છે. - **Take Action.** ત્યારબાદનો **બારમો સિધ્ધાંત છે, 'અસ્વીકારનો અસ્વીકાર કરીને આગળ વધો.** એમણે આપેલ મંત્ર છે - SW, SW, SW અને SW. એટલે કે Some Will, Some Won't, So What ? - Some one is Waiting. ભલે બધા અસ્વીકાર કરે, કોઈક તો હા પાડશે.

**તેરમો સિધ્ધાંત** છે તમે જે ક્ષેત્રમાં કામ કરતા હો, તે ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના પ્રતિભાવો નિયમિત મેળવો. "પ્રાપ્ત પ્રતિભાવોને પોતાના લાભાર્થે ઉપયોગમાં લો." પ્રતિભાવો નકારાત્મક પણ હશે તેમજ પ્રેરણા પૂરું પાડે તેવા પણ હશે. નકારાત્મક પ્રતિભાવોનું વિશ્લેષણ કરી આંતરનિરિક્ષણ કરી આત્મસુધારણાની પ્રક્રિયા વધુ સંગીન બનાવો. હકારાત્મક પ્રતિભાવો પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ - થેન્ક યું - કહી આગળ વધો, ત્યારબાદ **ચૌદમી બાબત** છે, **સતત, અનંત સુધારણા માટેની પ્રતિબધ્ધતા સ્વીકારો.** તીવ્ર સ્પર્ધાના આધુનિક યુગમાં ટકી રહેવા માટે સુધારણા અનિવાર્ય ઘટક છે તે હંમેશા યાદ રહે. **છેલ્લી પંદરમી બાબત** છે - અત્યારે જ પ્રારંભ કરો, કામે લાગી જાઓ. હજારો માઈલની મુસાફરી પણ એક નાનકડાં પગલાંથી શરૂ થાય છે. કોઈ પણ સારું કાર્ય કરવા માટે તમામ ઘડીઓ શુભ પળો જ છે.

વિદ્યાર્થી મિત્રોને જીવનમાં યશસ્વી સફળતા પ્રાપ્ત થાય તે માટે નૂતન વર્ષના પ્રારંભે હાર્દિક શુભકામના પાઠવું છું. પુનઃ શુભ દીપાવલી. નૂતન વર્ષાભિનંદન !

૩૧ ઓકટોબર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## West Zone Inter Uni. Badminton (Men-Women) Tournament






Veer Narmad South Gujarat University, Surat had the proud privilege of hosting the West Zone Inter University Badminton (Men and Women) Tournament-2010-11.

The Women category comprised of 47 Universities with 188 players while there were 45 Universities with 225 players in the Men category. 94 Managers and Coaches accompanied the players spread over five states, namely Maharashtra, Rajasthan, Goa, Madhyapradesh and Gujarat.





Dr.Vinod Patel, (Chairman of Board of Sports) gave the welcome address; Shri Paul David (Director of Physical Education and Youth Welfare) appraised the participants about the rules and regulations of the tournament. Dr. B.A. Prajapati (Vice Chancellor, Veer Narmad South Gujarat Univesity, Surat) delivered the Presidential Address enumerating the achievements of the University. The Chief Guest of the inaugural function Shri H.S. Kohli (Executive Director of Reliance Industries Limited) inspired the players with his motivational words. Shri J.R. Mehta (Registrar, Veer Narmad South Gujarat University, Surat) delivered the Vote of Thanks.





Veer Narmad South Gujarat University, Surat again this year lived up to its expectations. The women champion team was Veer Narmad South Gujarat University, Surat again for the Second consecutive year with University of Pune, being runners up. The Men Champion Team was Mohanlal Sukhadia University, Udaipur with Devi Ahallya University, Indore securing the runners up position. The final matches enthralled the audience as they were close fought matches. The winners proved their mettle with their desire, dream and vision.



At the Valedictory function held on 26the October, the Indoor Stadium resounded with the thunderous applause as the Veer Narmad Southe Gujarat University, Surat Women Team received the Champion Trophy from the Vice Chancellor, Dr. B.A. Prajapati, Dr. S.K. Yadav, (Observer of the Tournament) expressed his satisfaction with the Tournament. Surendrasingh Chauhan (Manager, Udaipur) and Mansi Pandit (Player of M.S. University, Baroda) showered praises on Veer Narmad South Gujarat University for its excellent organization. The organizing committee comprising of 120 members were applauded for their hard work and dedication. The event would not have been successful one, without the full fledged support of the Vice Chancellor, Syndicate and Senate members.

It was a successful event which has added another feather in the Veer Narmad South Gujarat University's glorious history.

## Lecture Series



Dr. Aditya Bhushan Pant, Scientist, In-Vitro Toxicology from Indian Institute of Toxicology Research, Lucknow, a well known CSIR laboratory visited the biotechnology department on 20-21 September, 2010. With 20 years of active research career and presently his laboratory is dedicated for development of in-vitro model systems as alternative to animal models. Under the invited lecture series programme of the department he has given four lectures related to most fascinating field of research in biological sciences i.e. STEM CELL RESEARCH.

In his first lecture 'Stem cells as regenerative medicine: Research approaches and Future strategies' he introduced the students with the fundamentals of stem cells. How stem cells are used to get of problems which are chronic, how they can be produced and how they can be diverted to fulfil different requirements. In the next lecture related to In Vitro Cytotoxicity Assays, he made

students acquainted with the aspects of artificial model systems that can be utilized and replace the well known animal systems utilized till date.

Another day under the topic Pluripotent stem cells induced from adult somatic cells by reprogramming, he presented talk on very interesting aspect of stem cells. He has explained how the existing cells of the body of the organism can be converted into stem cell like cells. This area of research is only 4 years old and lot of scope on various aspects in this field is there which students can think and do in future. He has presented the work of the Nobel Laureates explaining how idea of stem cell originated and flourished. It was 30 years research work of those dedicated scientists by which we can see the dream of getting rid of ailments like Parkinson, Schizophrenia which were supposed to be incurable.

Open house discussion was there to have one to one interaction of students with the invited scientist. Students have queried on all practical aspects. He has instructed students how to analyze their strengths and weaknesses and present themselves before the world.

Lectures were arranged at Seminar hall of Department of Biosciences and Department of Computer Sciences with kind cooperation and support of Prof. P. K. Gadhia and Prof. Apurva Desai. Coordinator of Biotechnology course Dr. Gaurav Shah thanked all involved directly or indirectly for the successful commencement of the Lectures.

## Research Paper

National Journal of System and Information Technology, Volume 3, June 2010 ISSN No: 0974-3308, published by Shrimad Rajchandra Instittute of Management and Computer Application, Maliba Campus, Gopal Vidyanagar, Bardoli.

1. Mr. Shailesh Chaudhari, Assistant Professor, M.Sc. (I.T.) Programme and Dr. Ravi Gulati, Assistant Professor, Department of Computer Science, VNSGU published a paper on "A Font and Size Independent OCR for Machine Printed Gujarati Numerals"
2. Mrs. Veena Jokhakar, Assistant Professor, M.Sc. (I.T.) Programme and Dr. S V Patel, Reador, Department of Computer Science, VNSGU published a paper on "Securing Datawarehouse using Multidimensional Modeling with Virtual Private Database"

## Ph.D.

List of Doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during June-September (2010)

**Bio Science**

1 Pachchigar, Jignasa Jaykarbhai. **Studies on ground and surface water quality of Choryasi taluka (Surat).** (Dr.S.K.Tank), Associate Professor, Department of Biosciences, VNSGU, Surat.

2 Sharma, Nitinkumar. **Studies on morpho-histology and effect of treated effluent of ONGC on some agricultural plants.** (Dr.Y.J.Thanki), Professor, Department of Biosciences, VNSGU, Surat.

**Chemistry**

1 Ahir, Sureshkumar Bhagubhai. **Synthesis and testing of some antimicrobial agents.** (Dr.(Miss) G.C.Desai), Sir P.T.S.College of Science, Surat.

2 Kadam, Yogesh Kishanbhai. **Block copolymer nanoaggregates in aqueous solutions.** (Dr.P.Bahadur), Professor and Head , Department of Chemistry, VNSGU, Surat.

3 Kuperkar, Ketan Chandubhai. **Molecular interaction of surfactants in aqueous solutions.** (Dr.P.Bahadur), Professor and Head , Department of Chemistry, VNSGU, Surat.

4 Padhiyar, Nileshkumar Bhikhubhai. **Studies in transition metal complex soaps in solid state and in solutions.** (Dr.T.N.Nagar), Professor, Department of Chemistry, VNSGU, Surat.

5 Patel, Lina Amrutbhai. **Studies and synthesis of reactive dyes and their dyeing performance on various fibres.** (Dr.K.C.Patel), Profesor, Department of Chemistry, VNSGU, Surat.

6 Pandya, Nilesh Shaileshkumar. **Synthesis of some novel coumarone, quinazoline and s-trizine based heterocyclic compounds by conventional and microware technique and their antimicrobial studies.** (Dr.K.R.Desai), Rtd. Professor and Head, Department of Chmeistry, VNSGU, Surat.

7 Rana, Pragnesh Babubhai. **Comparative studies of novel heterocyclic compounds synthesized by microware and conventional method and their antimicrobial activities.** (Dr.Bhavnaben D.Mistry), B.K.M.Science College, Valsad.

8 Samal, Surendranath. **Characterisation of ETP sludge of petroleum related industries and removal of heavy metals.** (Dr.K.K.Desai), Retd.Professor, Department of Chemistry, VNSGU, Surat.

**Computer Science**

1 Kayasth, Manish Mukeshchandra. **Recognition and transformation of a Gujarati text paper document into electronic form.** (Dr.Bankim Patel), Director, SRIMCA, Gopal Vidyanagar.

**Economics**

1 Gheewala, Gayatribahen Dineshchandra. **Malaria, its occurrence and analysis of socio-economic impact.** (Dr.Kiran Pandya), Professor and Head, DRMISSS, VNSGU, Surat ,and (Dr.Minoo Parabia), Retd. Professor and Head, Department of Biosciences, VNSGU, Surat

**Education**

1 Jayachandran, K.R. **Problems of integrated eduction in Kerala state : a study.** (Dr.Ummed Singh), Associate Professor, Department of Education, VNSGU, Surat.

2 Tandel, Mukeshkumar Naginbhai. **શ્રેણી-૧૧ના અર્થશાસ્ત્ર વિષયમાં સ્વ-અધ્યયન સામગ્રીની અસરકારકતા.** (Dr. Dipika B.Shah), Professor, Department of Education, VNSGU, Surat.

**Gujarati**

1 Patel, Varshakumar Chandulal. **હિમાંશી શેલતની વાર્તાકળા-એક અભ્યાસ.** (Dr. J.M.Gurjar), Smt.K.K.Arts-Commerce College, Ankleshwar.

2 Vadhel, Merubhai Hajabhai. **ગુજરાતી કવિતામાં રાધાનું નિરૂપણ એક અધ્યયન.** (Dr.Rekhaben T.Bhatt), Lecturer, M.T.B.Arts College, Surat

PHYSICS

1 Mistry, Ketki Anilkumar. **Comparative studies of hardness, absorption and thermal properties of NzF, NaC1 and Naf : NaC1 mixed crystals grown by solution method.** (Dr.I.B.Patel), Associate Professor, Department of Physics, VNSGU, Surat

**Political Science**

1 Purohit, Ashokkumar Bhikhalal. **બનાસકાંઠા જિલ્લા પંચાયત અને મહેસાણા જિલ્લા પંચાયતના નેતૃત્વનો તુલનાત્મક અભ્યાસ.** (Dr.G.B.Shukla), H.R.Shah Mahila Arts-Commerce College, Navsari.

**Zoology**

Mishra, Neelam M. **Immobilized enzymes : formation characterization, properties and possible applications.** (Dr.Anita Bahadir), Sor P.T.S.College of Science, Surat.

# કોલેજ ન્યૂઝ

## એન. એસ. એસ.

નવયુગ સાયન્સ કોલેજ સુરતના એન. એસ. એસ. ના ૧૮ સ્વયંસેવકો "કૉલેજ શાળાનાં આંગણે" ઉપક્રમે ઓલપાડ તાલુકાના ભાંડુત ગામ પ્રાથમિક શાળાના ધોરણ ૫-૬-૭ નાં વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનનાં વિષયોને પ્રયોગ આધારે શીખવવાનું કાર્ય કર્યું હતું. જેનાં ઉદ્‌ઘાટન પ્રસંગે નવયુગ સાયન્સ કૉલેજનાં આચાર્યશ્રીએ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે વિજ્ઞાનનો પ્રસાર-પ્રચાર કરવાના હેતુ સાથેનું આ કાર્ય સમજ ઘડતરની પ્રક્રિયાના ભાગ રૂપે કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી કરતી આવી છે. શાંતિનિકેતન માધ્યમિક શાળાના શિક્ષક શ્રી મહેશભાઈ પટેલે કોલેજનાં વિદ્યાર્થીઓના બાળશિક્ષણ પ્રત્યેના ઉત્સાહને બિરદાવ્યાં હતાં, ભાંડુત પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ નવયુગ સાયન્સ કોલેજ દ્વારા ચાલતી આ પ્રવૃત્તિને સમાજ ઉપયોગી જણાવતા આભાર વ્યકત કર્યો હતો. નવયુગ સાયન્સ કોલેજનાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રવિણભાઈ પટેલ અને શ્રી સંજય પંડય એ આ કાર્યમાં વિશેષ રસ દાખવ્યો હતો.

૨૪મી સપ્ટેમ્બરના રોજ 'એન.એસ.એસ. દિન 'નિમત્તે શ્રી જયેન્દ્રપુરી આર્ટ્‌સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ ખાતે સામાન્ય જ્ઞાન કસોટીમાં ૪૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ ઓડિટોરીયમ હોલમાં 'સ્વૈચ્છિક રકતદાન શિબિર' યોજાઈ હતી. તેમાં રોટરી કલબના હોદ્દેદાર શ્રી જી.એમ.પટેલે આચાર્ય ડૉ. એન.એમ.પટેલનું સેવાકીય કાર્યોમાં સહકાર બદલ સ્મતિ ચિન્હ આપીને બહુમાન કર્યું હતું. આ શિબિરમાં ૭૫ જેટલાં વિદ્યાર્થી રકતદાતાઓમાં પ્રા. ડૉ. એન.બી. પટેલ અને લેબ આસી, શ્રી મહેશભાઈ જાદવે રકતદાન કર્યું હતુ. આ પ્રસંગે મહેંદી સ્પર્ધા પણ યોજાઈ હતી. સ્પર્ધામાં પ્રથમ - પટેલ અંજલિ ડી. દ્વિતીય - કપ્તાન જીજ્ઞાષા એસ. અને તૃતીય - રાણા શ્લોક કે. વિજેતા રહયા હતા.

## આરોગ્ય

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ, તાડકુવા, વ્યારા ખાતે તા. ૨૯/૦૯/૨૦૧૦ ના રોજ યોજાયેલ હોમિયોપેથીક કેમ્પમાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ માં ડૉ. મહેન્દ્ર બુરડ તેમજ ડૉ.મીના કાલરા એ નિષ્ણાંત તરીકે સેવા આપી હતી.

## ઊજવણી

શ્રીમતી જી.એન.પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં ગાંધી સપ્તાહની ઊજવણી પ્રસંગે તા. ૦૧/૧૦/૨૦૧૦ના રોજ 'ગાંધી વિચારો મુજબની બુનિયાદી શિક્ષણ પધ્ધતિ વર્તમાન શિક્ષણ પધ્ધતિ' વિષય પર ડિબેટનું સંચાલન પ્રા. ભરતભાઈ ઈચ્છાપોરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ ચર્ચા કરી હતી તથા મંતવ્યો દ્વારા બુનિયાદી શિક્ષણ પધ્ધતિ તથા વર્તમાન શિક્ષણ પધ્ધતિનું ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. આ ડિબેટમાં ઈ.આચાર્ય કુમારી બિન્નીબેન મહેતા તથા પ્રાધ્યાપકગણે પણ અંગત મંતવ્યો રજૂ કર્યો હતા. શ્રી ગુરૂચરણેની શતાબ્દિની ઊજવણી નિમિત્તે જે કૃષ્ણમૂર્તિના જીવન-કવન ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. જેમાં પ્રથમ - દિપ્તિ કે. પટેલ, દ્વિતીય - પ્રિયંકા એમ. પટેલ અને તૃતીય - ડી.પી.પંઢરીનાથ વિજેતા રહયાં હતાં. નિર્ણાયક તરીકે પ્રા. વિશ્વાબેન દેસાઈએ સેવા બજાવી હતી. તદપરાંત નવરાત્રિની ઊજવણી પ્રસંગે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેસ્ટ એકશનમાં પ્રથમ - સાગર આર. પરમાર, દ્વિતીય - ડિમ્પલ એમ. ગાંધી, બેસ્ટ જોડીમાં પ્રથમ - આદિત્ય કે. પટેલ અને બિનીતા એચ. પટેલ, દ્વિતીય - હેતલ એમ. પ્રજાપતિ અને અર્ચના કે. રાઠોડ તથા બેસ્ટ ડ્રેસમાં પ્રથમ - આદિત્ય કે. પટેલ અને બિનીતા એચ. પટેલ દ્વિતીય - મયૂરી એચ. રામાનંદી વિજેતા રહયાં હતાં. ગાંધી સપ્તાહની ઊજવણી અંતર્ગત યોજાયેલ  વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ - પટેલ આદિત્ય કે. તથા દ્વિતીય - ઠાકોર ડિમ્પલ જી. અને ત્રિવેદી અંકિત એન. વિજેતા થયા હતા. તથા ગૃપ પોસ્ટર સ્પર્ધામાં પ્રથમ - પટેલ મિતાલી એસ. અને પટેલ જીગીષા એસ. તથા દ્વિતીય - પરમાર સાગર આર. રાઠોડ શૈલેષ એસ., ભટ્ટ જતીન એમ. તથા પટેલ ચેતન એસ. વિજેતા રહયા હતાં. તદ્‌પરાંત 'સંસ્કૃત દિન' ની ઊજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ વિવિધ સંસ્કૃત ભાષાની કૃતિઓની રજૂઆત કરી પ્રાચીન-અર્વાચીન એવી સંસ્કૃત ભાષાને ઉજાગર કરવાની હાકલ કરી હતી. અતિથિ વિશેષ તરીકે શ્રી જયંતિભાઈ પંડયા તથા ટ્રસ્ટીશ્રી પંડયા ઉપસ્થિત રહયા હતા તથા પ્રા. જાગૃતિબેન પટેલના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતી દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી જયંતિભાઈ પંડયા, શ્રીમતી પ્રજ્ઞાબેન પટેલ તથા ટ્રસ્ટીશ્રી એન. એસ. પંડયા ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત મહેમાનોઓએ ગુજરાતી ભાષા-માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે તાલીમાર્થીઓને હાકલ કરી હતી તથા તાલીમાર્થીઓએ વિવિધ ગુજરાતી સાહિત્યિક કૃતિઓ-લગ્નગીત, ગઝલ, નાટક તથા વકતવ્ય દ્વારા "સંસ્કારભાષા" નો રસાસ્વાદ કરાવ્યો હતો.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા ખાતે તા. ૧૫/૯/૨૦૧૦ ના રોજ યોજાયેલ "શિક્ષકદિન" ની ઊજવણી પ્રસંગે વિદ્યાર્થીઓએ અધ્યાયન કાર્ય કર્યું હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓનું મુલ્યાંકન કરી તેમને પ્રથમ અને દ્વિતીય નંબર આપવામાં આ બીજો ઈનામ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના અનુનામો રજૂ કર્યા હતાં.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત બી. એડ. કોલેજ, સુરતમાં તા. ૦૩-૧૦-૨૦૧૦ થી ૧૧-૧૦-૨૦૧૦ દરમ્યાન ગાંધી સપ્તાહની ઊજવણી  પ્રસંગે સફાઈ દિન, ગાંધી ગીતો, વકતૃવ્ય સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચિત્ર-નિબંધ સ્પર્ધા, વિડિયો કલીપીગ્સની નાનકડી ફિલ્મ અને પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૨૦૧૦ ના રોજ યોજાયેલ શિક્ષકદિનની ઊજવણીમાં દશ વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે કાર્ય કર્યું.

## વ્યાખ્યાન

તા. ૧૭/૦૯/૨૦૧૦ ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ તથા બ્રહ્માકુમારી ઈશ્વરિય વિશ્વ વિદ્યાલય ના 'શિક્ષા પ્રભાગ' દ્વારા અખિલ ભારતીય મૂલ્ય શિક્ષણ અભિયાન અંતર્ગત 'આધુનિક શિક્ષણની સાથે વ્યકિતના જીવનમાં મૂલ્યો અને આધ્યાત્મિકતાના શિક્ષણની આવશ્યકતા' વિશે બ્રહ્માકુમારીનાં સંગીતા દીદી તથા ગીતા દીદીએ વ્યાખ્યાન આપ્યું હતું.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના પ્રિન્સીપાલ. ડૉ.વિનોદભાઈ પટેલનું શ્રી અરવિંદનું શિક્ષણમાં પ્રદાન વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે શ્રી અરવિંદની જ્ઞાનમીમાંસા વિષે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા. મહેમાનોને આવકાર અને પરિચય ડૉ. કિન્નરીબેન પટેલે આપ્યો હતો.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૭-૯-૧૦ના રોજ યુનિવર્સિટી આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રિ. ડૉ. જે.એમ. નાયકે જીવન અને કારકિર્દી વિષય પર વ્યાખ્યાન આપ્યું

તા. ૧૮/૧૦/૨૦૧૦ ના રોજ ઈન્ટર હ્યુમન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કમલા કોલેજ ઓફ એજયુકેશન

## એવોર્ડ

શિક્ષકદિનના રોજ સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા સર. કે. પી. કોલેજ ઓફ કોમર્સના પ્રા.શ્રી.ડી.એમ.મહેતાને 'શિક્ષક રત્ન' એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યા.

## સ્વર્ણિમ ગુજરાત

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત નવસારીની બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના યજમાન પદે રંગકલા કૌશલ્ય ધારા, ગીત-સંગીત, નૃત્ય ધારા તેમજ ટીચર્સ એન્ડ પેરેન્ટસ એસોસીયેશનના સંયુકત ઉપક્રમે નવસારી જિલ્લા આંતર કોલેજ ભજન તેમજ હસ્તકલા સ્પર્ધાનું આયોજન ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ થયું હતું. ભજન સ્પર્ધામાં પ્રથમ - જોષી ભાવિ, (વી. એસ. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા.) દ્વિતીય - પ્રિયંકા વેસુવાલા (બી. પી. બારિયા સાયન્સ કોલજ) અને તૃતિય - ચૌહાણ કવિતા (મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી) વિજેતા ઘોષિત થયા હતા. હસ્તકલા સ્પર્ધામાં પ્રથમ - લાડ તૃષા એમ (એસ.બી.ગાર્ડા કોલેજ, નવસારી) દ્વિતિય - નાયક વિહંગી એસ. (એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બિલીમોરા. તૃતીય - દિપેન એચ. દેસાઈ (બી.પી.બારિયા સાયન્સ કોલેજ, નવસારી) વિજેતા ઘોષિત થયા હતા. શ્રી પટેલ રોહિત કે. (સરદાર પટેલ બી. એડ. કોલેજ, નવસારી)ને પ્રોત્સાહન ઈનામ પણ જાહેર થયું હતું. વિજે... VNSGU, Surat

---

ાયન્સ, બીલીમોરા
ન ધારા" અંતર્ગત
ુમારી ઈશ્વરીય
ા" દ્વારા નીકળેલ
ોજીના વિદ્યાર્થીઓ
ડથી બ્રહ્માકુમારી
રીક્ષાનો ડર દૂર
ત કયાંથી મેળવી

-૧૦-૧૦ ના રોજ
તી શણગાર સ્પર્ધા
સ્પર્ધામાં પ્રથમ -
તૃતીય - કુ. ખુશ્બુ
લિયા રહયા હતા.
ટ મળેલ પુસ્તકોને
જ પ્રિ. ડૉ. યુ.ટી.
વામાં આવ્યાં. આ
ંકી, પ્રા. ડી.એસ.
ન કર્યુ હતું.
ાં 'વાંચે ગુજરાત'
,૬૧ વિદ્યાર્થીઓએ
તા.
ફ આર્ટસ એન્ડ
ગુજરાત-૨૦૧૦"
ત્મક અભિવ્યકિત
લુ આયેશા એસ.,
આર.ડી. વિજેતા
એમ., દ્વિતીય -
જેતા થયા હતા.

ખારોડમાં આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત ખરોડ બી.એડ.કોલેજના ડૉ. પ્રફુલ્લસિંહ જે. રાજે "અધ્યાપન વ્યવસાયની બદલાતી ભૂમિકામાં શિક્ષકનું બદલાતું સ્થાન અને વર્ગખંડમાં તેની બદલાતી ભૂમિકા અંગે તેમણે ચર્ચા કરી હતી. તદ્પરાંત "આચાર્ય, વહીવટકર્તા, વ્યવસ્થાપક અને નેતા તરીકે" આ મુદ્દાની ચર્ચા પણ ડૉ. રાજે કરી હતી. વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ પ્રશ્નોતરી પણ થઈ.

## સ્પર્ધા

રિલાયન્સ-હજીરા આઈડિયાઝ એવોર્ડ - ૨૦૧૦ સ્પર્ધામાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી તુષાર બધા સિયાઓ ત્રીજા ક્રમ મેળવેલ છે. આ સ્પર્ધામાં કોલેજનાં ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની છાત્રા ઈશિતા એસ. માંડવીવાળાએ ડી.આર.બી. ભરથાણા કોમર્સ ખાતે 'ઓનર્સ કીલીંગ વિષય પર ગોથવેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવે છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની બહેનોની બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં કોલેજની ટીમે ભરૂચની એમ. કે. કોમર્સ કોલેજનો પરાજીત કરીને ચેમ્પિયન બની છે.

આર્ટસ એન્ડ કોમર્સ, બારડોલી યજમાનપદ હેઠળ યોજાયેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં સુરતની સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ ભરૂચની એમ. કે. કોમર્સ કોલેજને (૧૫-૧૪) થી પરાજીત કરીને અભિનંદન.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ના યજમાનપદે વલસાડ જુનિયર ચેમ્બર ઈન્ટર નેશનલ પુરસ્કૃત વલસાડ અને નવસારી જીલ્લાની કોલેજોના વિદ્યાર્થીઓ માટે "જીંદગી તકોનો મહાસાગર" "વૈશ્વિક અંધશ્રધ્ધા એટલે ઓકટોપસ" વિષય પર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુ. કામિની પટેલ, પ્રથમ અને દોલત ઉષાની બે વિદ્યાર્થીનીઓ બીજા ત્રીજા ક્રમે વિજેતા જાહેર થઈ હતી. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે પ્રસંગોચિત વકતવ્ય રજુ કરીને સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી.

સર્ટિફિકેટ એનાયત થયા હતા.

વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ ર
ખાતે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે "જ્ઞ
ગુજરાતી વિભાગ દ્વારા પ્રજાપિતા બ્રહ્મ
વિશ્વવિદ્યાલયના "અખિલ ભારતીય શિક્ષા વિભા
અભિયાન હેઠળ તા. ૧૫/૯/૨૦૧૦ રોજ બાયો
માટે "સકારાત્મક વલણ" વિષય ઉપર વલસ
ત્રિવેણી બહેને વકતવ્ય આપ્યું હતું. જેમાં તેમણે
કરવાના ઉપાય અને સકારાત્મક વિચારોનો સ્
શકાય તે અંગે વાત કરી હતી.

સર કે.પી.કોમર્સ કોલેજ, સુરતમાં. તા. ૧ર
ટ્રેડિશનલ આરતી શણગાર અને મટીરીયલ્સ આર
યોજાઈ ગઈ. જેમાં ટ્રેડિશનલ આરતી શણગાર
કુ.હેમિશા પરમાર, દ્વિતીય - કુ.ભાવના પ્રજાપતિ,
કાપડીયા અને આશ્વાસન ઈનામ કુ. રિંકલ ધામે
તદપરાંત શ્રીમતી ગીતાબેન ઉ. દેસાઈ તરફથી ભે
'વાંચે ગુજરાત' અંતર્ગત તા. ૧૨-૧૦-૧૦ ના ર
દેસાઈ તથા પ્રા. ડી.એમ. મહેતાના હસ્તે તરતાં મૂ
કાર્યક્રમમાં પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ, પ્રા. એમ.ટી. સો
મહેતા અને પ્રા. એ.એન. નાયકે પ્રસંગોચિત ઉદ્બો

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમ
અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧ના પ્રથમ સત્ર દરમ્યાન ૧
વિવિધ વિષયનાં કુલ ૧૬૬૧ પુસ્તકો તરતાં મૂકયા હ

બીલીમોરાના વી.એસ. પટેલ કોલેજ ઓ
સાયન્સના ગોલ્ડન જયુબીલી પર્વે, "સ્વર્ણિમ
અંતર્ગત તા. ૨૫-૨૭ સપ્ટેમ્બરનાં રોજ 'સર્જન
ધારા' હેઠળ યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ - સ
દ્વિતીય - પટેલ કૃપાલી એમ., તૃતીય - સરદાર
થયા હતા. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ - પટેલ મનિ
પટેલ કૃણાલ એચ., તૃતીય - પટેલ રશ્મિતા એન. વિ

જયારે મટીરીઅલ આરતી શણગાર સ્પર્ધામાં : પ્રથમ - કુ. કાછડીયા શ્રધ્ધા, દ્વિતીય : કુ. ડુંગરાણી ઉર્વશી, તૃતીય કુ. મોટવડીયા દયા અને આશ્વાસન ઈનામ - કુ. લક્ષ્મી ડોકટર રહયા હતા.સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત બી. પી. બારીયા સાયન્સ કોલેજ નવસારી ખાતે યોજાયેલ આંતર કોલેજ ભજન સ્પર્ધામાં વી. એસ. પટેલ કોલેજ બીલીમોરાની કુ. ભાવિ જોષીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો.

- સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૦૨-૧૦-૧૦ના રોજ જ્ઞાન ધારા પ્રકલ્પ અન્વએ પ્રેરણા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રા. સંઘ્યાબેન ભટ્ટે વાંચે ગુજરાત હેઠળ કરાવવાના કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. અને સાથે ગાંધી સાહિત્યની પણ ચર્ચા કરી હતી.

- આર્ટસ કોમર્સ કોલેજ, ઓલપાડમાં સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે યોજાયેલ વાંચે ગુજરાત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મોટી સંખ્યામાં હાજર રહી ૩૦૦ જેટલા પુસ્તક તરતાં મૂકયા હતાં. આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું કે પુસ્તકોના સંગથી વિચાર શૂન્યતાના સ્થાને વિચારવૈભવ અને અસંસ્કારિતાના સ્થાને સંસ્કારનો આવિર્ભાવ થશે. દરેક વિદ્યાર્થીઓ પુસ્તક વાંચી-વિચારીને એવા પુસ્તક મિત્રને વાંચવા આપવાનું છે કે જે પુસ્તક વાંચે, વિચારે અને પોતાના જીવનને ઉજ્જવળ બનાવે. પુસ્તક તરતું ત્યારે જ રહેશે જયારે તેને સાચો વાચકમિત્ર મળશે. તેમણે 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તરતું પુસ્તક મૂકવાનો સંકલ્પ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો લેવડાવ્યો હતો. મુખ્ય મહેમાન ડૉ.બળદેવભાઈ ભકતએ જણાવ્યું હતું કે આપણો પ્રાચીન સાહિત્યનો વારસો અમર છે. 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત એ સાહિત્યનું વાંચન ચિંતન અને મનન થાય એ જરૂરી છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તક વિષે પ્રતિભાવ આપ્યા હતા. પ્રતિભાવ આપનાર ત્રણ વિદ્યાર્થીઓને ડૉ. બળદેવભાઈ ભકત તરફથી પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતાં. પ્રા. જી.જી.કાલાએ પુસ્તક તરતું મૂકવાના ફાયદા જણાવ્યા હતા. પ્રા. સુરવીરસિંહે પ્રતિભાવ આપી ગ્રંથાલયને ૧૫ પુસ્તકો અર્પણ કર્યા .

- એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરા ખાતે તા.૦૪-૦૯-૨૦૧૦ ના રોજ ટી.વી. પર ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરેલા ઉદ્‌બોધનનો લાભ લીધો હતો. તા. ૨૨-૦૯-૨૦૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાત અન્વયે 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' હેઠળ ઈન્ટર કલાસીસ નિબંધ અને કાવ્યપઠન સ્પર્ધામાં પાંચ-પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તા.૨૧, ૨૨-૯-૨૦૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાત અન્વયે 'જ્ઞાનધારા' હેઠળ વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત પ્રેરણાસભાઓ દરેક વર્ગોમાં રાખવામાં આવી હતી. શ્રી મોહનભાઈ હોજીઆણીએ વિદ્યાર્થીઓને વાંચે ગુજરાત અભિયાન અંગે વિસ્તૃત માહિતી આપી. સ્વર્ણિમ ગુજરાત અન્વયે 'જ્ઞાનધારા' ના ઉપક્રમે તા. ૨૫-૯-૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરા ખાતે એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે રંગશિક્ષણ મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. શ્રી નાનુભાઈ પટેલે વાંચન મહત્વ સમજાવ્યુ. આ જ દિવસે નિબંધ સ્પર્ધા પણ યોજાઈ હતી. 'રંગકલા કૌશલ્યધારા' હેઠળ તા. ૨૭-૯-૨૦૧૦ ના રોજ રંગોળી વોલ પેઈન્ટીંગ અને બેસ્ટ હેન્ડરાઈટીંગ સ્પર્ધા યોજાઈ ગઈ. રંગોળી સ્પર્ધામાં પ્રથમ વિજેતાને શ્રી મોહનભાઈ વાસુદેવ હોજીઆણી બીલીમોરા તરફથી પુસ્તક ભેટ આપવામાં આવ્યું. 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' હેઠળ તા. ૨૭-૯-૨૦૧૦ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. 'ગીતસંગીતધારા' હેઠળ તા. ૨૮-૯-૨૦૧૦ના રોજ લગ્નગીત તેમજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'જ્ઞાનધારા' હેઠળ આંતર કલાસીસ કવીઝ સ્પર્ધાનું આયોજન થયું. 'નાટયધારા' હેઠળ તા. ૩૦-૯-૨૦૧૦ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 'ઈશ્વર અલ્લા તેરે નામ' એકાંકી રજૂ કર્યુ હતું. ઉપરાંત ત્રણ મોનોએકિટંગ રજૂ કરવામાં આવી હતી. વ્યાયામ - યોગ-ખેલકૂદ ધારા' હેઠળ તા. ૧-૧૦-૨૦૧૦ ના રોજ 'રન ફોર ગુજરાત' નું આયોજન કરવામાં આવ્યુ હતું. તદપરાંત ચેસ સ્પર્ધા પણ યોજાઈ હતી.

- શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠમાં તા. ૧૪/૧૦/૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત અભિયાન અંગે વાર્તાલાપનું આયોજન થયું હતું. ડૉ. મીનાશ્રી બેન ચાવડાએ જણાવ્યું હતું કે મને મન ગમતું પુસ્તક રચનાત્મક કાર્યક્રમ છે. જયંતીલાલ ગામીતે તમસોમા જયોતીરગમય ઉપર ચર્ચા કરી હતી. ગ્રંથપાલ પ્રવિણભાઈએ જણાવ્યું હતું કે ગ્રંથપાલને મન ગ્રંથાલયના તમામ પુસ્તકો ગમતા હોય છે. તેમાં જ્ઞાનનો સંગ્રહ છે,. સંચય છે, માહિતી છે તો દરેક વાંચક વધુને વધુ ઉપયોગ કરે. અધ્યાપક કેતન પટેલે વાંચે ગુજરાત અભિયાન આગળ વધે તે માટે સ્વર્ણિમ શુભ સંકલ્પ દરેક વિદ્યાર્થીઓને સમૂહમાં લેવડાવ્યો હતો.

- તા.૧૪-૧૦-૧૦ના રોજ સર કે. પી. કોમર્સ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત અને વાંચે ગુજરાત અભિયાન હેઠળ, વાડીયા વિમેન્સ કોલેજના પ્રાધ્યાપક તથા એન. એસ. એસ.ના ઓફિસર પ્રા. ભરતભાઈ બી. ભંડારીનું પ્રવચન અને પુસ્તક પરિચયનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. યુ. ટી. દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે યોજાયેલ કાર્યક્રમમાં પ્રા.ડી.જે.વસાવડાના શુભ હસ્તે પ્રા. ભંડારીનું પુષ્પ વડે તથા પુસ્તક અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રા.શ્રી.ભરતભાઈ ભંડારીએ વિદ્યાર્થીઓ તથા સૌને જીવન ઉપયોગી એવું ડૉ. સુનીલ જોગીનું પુસ્તક ''ટીપ્સ ઓફ સકસેસ' નો પરિચય કરાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. અને જીવનમાં સફળ થવા માટે વિવિધ મહત્વના સુચનો કર્યો હતાં. ત્યારબાદ આ પુસ્તક વાંચવા માટે તરતું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રા. ડી. જે વસાવડાએ પણ વિવિધ પુસ્તકોની વાતો કરીને વિદ્યાથીઓને વાંચવા માટે પ્રોત્સાહીત કર્યા હતા. પ્રા. તેજસભાઈ સુખડવાલાએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યુ.

- વાંચે ગુજરાત અભિયાન નિમિત્તે કૉલેજ ઓફ એજયુકેશન દમણમાં તા. ૧૯/૧૦/૧૦ ના રોજ પુસ્તક પરિચય કાર્યક્રમનાં વકતા તરીકે શ્રી ધીરુભાઈ આર. ધુકાએ 'રહસ્ય' ' The Secret' પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા જેમાં તેમણે પુસ્તક પરિચય, તેમજ પુસ્તકમાં રહેલાં વિચારો જેવાં કે આકર્ષણનો, સંપત્તિનો, સ્વાસ્થય, સંબંધ વગેરેનાં નિયમોની વિસ્તૃત છણાવત કરી કુ. પ્રિયંકા પટેલે ટાગોરની વાર્તાઓ પર પ્રકાશ પાડયો હતો.

- સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત બી. પી. બારીયા સાયન્સ કોલેજ નવસારી ખાતે યોજાયેલ આંતર કોલેજ ભજન સ્પર્ધામાં વી. એસ. પટેલ કોલેજ બીલીમોરાની કુ. ભાવિ જોષીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો.

## શોધપત્ર

નવયુગ સાયન્સ કોલેજ, સુરતનાં રસાયણશાસ્ત્ર વિભાગનાં એસોસિયેટ પ્રોફેસર ડૉ. આર. ટી. વશી તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન રેડયુટ, મોરેશિયસ ખાતે જેરાડ અને યુનિવર્સિટી ઓફ મોરેશિયસ દ્વારા સંયુકત રીતે આયોજીત ત્રીજી ''ઈન્ટરનેશનલ કૉંગ્રેસ ઓન એન્વાયર મેન્ટલ રીસર્ચ કોન્ફરન્સ'' માં ભાગ લઈ ત્રણ સંશોધન પત્રો રજૂ કર્યા હતાં. તેમણે ફીઝીકલ સાયન્સ વિભાગમાં એટમોસ્ફીયરીક કોરોઝન વિષય પર INVITED TALK, ચેર પર્સન તથા FICER ની મિટમાં કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**પારસી સાહિત્યનો ઈતિહાસ.**
લે. મીસ પીલાં ભીખાજી મકારી. પ્રકાશક : લેખિકા, નવસારી, ૧૯૪૯. પૃ. ૧૦૬૩. કિંમત રૂા. ૧૫

મધ્યકાળના સંસ્કૃતમાં લખનાર કોઈ પારસી સાહિત્ય સેવકોથી માંડી, આજના અંગ્રેજી વર્તમાનપત્રોમાં લખતા કેટલાંક લેખકો સુધીના અગત્યના તેમજ સાધારણ લેખકોને આ ગ્રંથમાં સ્થાન આપવામાં આવેલ છે. આ બંને ભાષાઓમાં તેમજ ફારસીમાં લખનારને પણ સ્થાન મળેલ છે. બ્રિટિશ અમલ શરૂ થાય ત્યારથી મંડાતા યુગના ફરદુનજી મર્ઝબાન તથા દાદાભાઈ નવરોજીથી માંડીને આજના રતન માર્શલ તથા મીનુ દેસાઈ સુધીના કડીબંધ ગુજરાતી લેખકોની સાહિત્યલેખોનો સરસ પરિચય અહીં આપ્યો છે. આ પુસ્તક માત્ર સળંગ તવારીખનું નહિ પણ અમુક અંશે વિવેચનનું પુસ્તક બન્યું છે.

આ પુસ્તકમાં : પારસીઓ કોણ, કયાંથી આવ્યા અને હિંદુસ્તાનમાં કેમ આવી વસ્યા ?, પારસી ધર્મ પુસ્તકો અને તેની ભાષા, પારસી લેખકોની જૂની અને આધુનિક ગુજરાતી ભાષા, મધ્યયુગનું પારસી સાહિત્ય, અઢારમાં શતકનું સાહિત્ય, ઓગણિસમાં શતકના પ્રથમાર્ધનું પારસી સાહિત્ય, ઓગણીસમાં શતકના અંત સમયનું સાહિત્ય, વીસમાં શતકનો આરંભ કાળ-તેનો પ્રથમ દસકો, દ્વિતિય દસકો, તૃતીય દસકો, ચતુર્થ દસકો, સદગત્ સાક્ષરો અને સાહિત્યકારો (૧૯૪૧-૧૯૪૬), આધુનિક પારસી કવિઓ અને તેમનાં કાવ્ય વ્હેણો, આધુનિક પારસી નાટક સાહિત્ય, આપણું નવલકથા સાહિત્ય, અધુના ઐતિહાસિક અને સંશોધન સાહિત્ય, આપણા અન્ય સાહિત્યકારો, અખબારોમાં ઘુમતા સાહિત્યકારો અને કટાર લેખકો, કેટલાક સામાન્ય લેખકો, સાત વર્ષનું સરવૈયું, આપણી લેખિકાઓ અને તેમનાં કાર્ય - પ્રદેશો, આધુનિક પારસી પત્રકારિત્વ અને વર્ણાનુંક્રમણીનો સમાવેશ થાય છે.

આ અપ્રાપ્ય ગ્રંથનું પુનઃમુદ્રણ થવું ઘટે. સંશોધકો અને સાહિત્યકારોને અતિ ઉપયોગી પ્રકાશન છે.

બી.જે. અંકુયા, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન

## પ્રેરણા પૂંજ

ડીમોસ્થીનીસને જન્મથી જ બોલવામાં તકલીફ પડતી. કિશોર તરીકે શબ્દોનું બરાબર ઉચ્ચારણ કરવા મથતાં એનું વદન ભયંકર રીતે મરડાઈ જતું. કોઈ વિચિત્ર ચેનચાળા કરતો હોય એવું જોનારને લાગતું. આ શારીરિક ક્ષતિ નિવારવા યુવાન ડીમોસ્થીનીસે કેવા કેવા પ્રયાસો કર્યા એની વિવિધ દંતકથાઓ વર્તમાન સમય સુધી સંભળાતી રહી છે. આ પ્રણાલિકાગત કથાઓનો શ્રેષ્ઠ જન્મદાતા લેમ્પ્રીએર જણાવે છે : 'પોતાના સ્વરની તોતડાશ નિવારવા ડીમોસ્થીનીસ મોઢામાં કાંકરા રાખી બોલવા પ્રયાસ કરતો. ઉચ્ચારણ સમયે થતા મુખના મરડાટને તો એણે ઓછો કરી નાખ્યો. એ માટે એ દર્પણ સામે રાખી બોલતો ને વદન વિકૃત ન થાય એની કાળજી રાખતો. એનો ઉચ્ચાર બુલંદ, સ્પષ્ટ ને સચોટ થાય એટલા માટે તે ઊંચાં ઊંચાં ગિરિશૃંગો પર દોડી જતો ને ત્યાં જોરથી બોલવા લાગતો. આમ એના બોલમાં જોમ ને શકિત આવ્યાં. દરિયા કિનારે જયારે જલતરંગો ખૂબ જ તોફાની બનતાં ત્યારે એમને જોરથી પડકારતો. એમ કરી વિરાટ સભાના અવાજ ને કોલાહલને આંબવાની ટેવ પાડતો. કેટલીક વાર એ ગુફાના ઊંડાણમાં પેસી જતો. ત્યાંના એકાન્તમાં ચીવટથી પોતાનો અભ્યાસ આગળ વધારતો. જાહેરમાં આવવાની એષણાને દાબી દેવા એણે પોતાનું માથું અર્ધું મૂંડાવી નાખ્યું હતું. આમ ગજબ શાન્તિમાં ટમટમતા દીવા આગળ બેસી એ પોતાનાં ઘણાં ખરાં વકતવ્યો તૈયાર કરતો.' આજે સમગ્ર દુનિયા યુગયુગાન્તરથી એ વકતવ્યો પર પ્રશંસાનાં પુષ્પો વેરી રહી છે.

અભ્યાસકાળમાં હું Constantly third class રહયો એ મારી તેજસ્વિતા ! કોઈ દિવસ first class પાસ થયો હોઉં એવું મેં અનુભવ્યું નથી. અને પરાણે પાસ થતો થતો આગળ નીકળ્યો છું. મૅટ્રિકમાં જયારે હું પાસ થયો ત્યારે ગણિતમાં ૫૩ માર્ક્સ જોઈએ, મારા ૫૬ હતા. એટલે હું verge ઉપર જ પસાર થતો રહેલો. અંગ્રેજી પહેલી અને છેલ્લીમાં નપાસ થયો હતો. છ મહિના પછી ફરી બેઠો ત્યારે પાસ થયો હતો. કારણ કે લૉમાં હું બેઠો તે વર્ષે હું ધારાસભ્ય તરીકે ચૂંટાયો. જયારે પૂનામાં ધારાસભા ચાલતી હતી ત્યારે ધારાસભામાં જતો હતો અને એલએલ.બી. થવા માટે રાતે ભણતો હતો. પૂનામાં ધારાસભ્ય હતો ત્યારે હું એલએલ.બી. થયેલો. પહેલી અને છેલ્લીમાં નપાસ થયેલો અને constantly third class એ મારી career!

શ્રી બાબુભાઈ જ. પટેલ, પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

તું સહન કર, તારું સહન કરવું એ ઈશ્વરની સહાયથી છે. એમને માટે ખિન્ન ન થા ને એમનાં કપટથી વ્યથિત ન થા. નિઃસંદેહ, જેઓ ઈશ્વરથી ડરે છે અને જેઓ સારાં કામ કરે છે તેમની સાથે ઈશ્વર છે.

કુરાન સાર

તમામ વસ્તુઓનો શાંતિથી સ્વીકાર કેમ કરવો એ જ્ઞાન જીવનમાં બહુ જ જરૂરી છે.

માઈકલ ફેરેડે

**अप्प दीपो भव. अपने दीपक स्वयं बनो – भगवान बुध्ध**

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : Shri J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com